રંગ હૃદય–મનમાં જે આવે, બચુભાઈ એ જાણી જાયે.
યાદ કરે અંતે અવધૂત, 'એને હું શું આપું મૂર્ત?'
અતિથિ ધર્મ બજાવે ઘર, તેથી રહે પ્રસન્ન ગુરુવર.
રંગ–કૃપા–શાંતિનો દૂત, સંભાળે જેને અવધૂત.
રંગ કરાવે પ્રેમ પ્રવાસ, પરદેશે ફેલાવે સુવાસ.
'થોડું કરો પણ સાચું કરજો, રંગ ગુરુને હૈયે ધરજો.'
રંગ કૃપાથી દુઃખ હરી લીધું, હીર–ઋજુલને જીવન દીધું.
નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમતણી સરવાણી.
વિચાર ઊંચા, જીવન સાદું એવું જીવે સાચો સાધુ.
રંગ–પ્રેમમાં **કુલીન ગણુ** ડૂબી જાતાં પામે ઘણું. ૪૦.

ભાવ ભક્તિ શ્રદ્ધા થકી, રંગ–પ્રેમમાં ન્હાય,
ઘર–જીવન તીરથ બને, આનંદ મંગલ થાય.

યોગીવર રંગ અવધૂતકી જય, વિઠ્ઠલસુત પાંડુરંગ કી જય,
નારેશ્વરવાસી સંતકી જય, બોલો રે ભાઈ સદ્‌ગુરુ રંગકી જય.

– પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

---

મહર્ષિ રંગ અવધૂત જનતા જનાર્દન સેવાસરિતા
લીંચ, કોઠિયાખાડ

# પ્રેમચાલીસા



| જન્મ તારીખ | બ્રહ્મલીન તારીખ |
|---|---|
| ૧૩–૦૯–૧૯૩૧ | ૦૪–૦૨–૨૦૧૨ |

ગુરુસેવા જેવું ત્રિભુવનમહીં સાધન નથી,
ગુરુસેવા જેવું પ્રગટ પ્રભુ આરાધન નથી,
ગુરુસેવા જેવું ફલદ વ્રત ઉદ્યાપન નથી,
ગુરુસેવા જેવું ઈતર હૃદયાશ્વાસન નથી.

# પ્રેમચાલીસા

એક અખંડ અનંત જે સત્, ચિત્, આનંદરૂપ,
પરબ્રહ્મ, પરમાત્મા, પ્રગટે જગ રંગરૂપ.
રંગ–સ્મરણ–સેવાતણી ધૂણી ધખાવી એમ,
ચરણમહીં વંદન કરું, ગુરુવર શ્રીરંગ–પ્રેમ.

જય શ્રીરંગને શીશ નમાવી, પ્રેમચાલીસા પ્રેમે ગાવી.
રંગગુરુ–સેવક–ગુણ ગાથા, ગાતાં મળશે તનમન શાતા.
નામે લઘુતા[1] ગુરુતા કામે, દેહ ધર્યો એણે લીંચ ગામે.
તાત કૃપાશંકર સંસ્કારી, માતા શાંતિ સુખ દેનારી.
રંગની આંખો જોવા કાજે, ગયા ભોગીમામાની સાથે.
નારેશ્વર જઈ દર્શન કરતાં, ભાવ હૃદયના ખુલ્લાં કરતાં.
આંખ તમારી જોવી મારે, રંગાજી પણ વાત સ્વીકારે.
“કાલે સ્ટેશન આવી જાજે, સવારે આંખના દર્શન થાશે.”
આંખ મળી ને હૈયું ખોયું, પરબ્રહ્મનું રૂપ જ જોયું.
સેવાધર્મ તો પરમ ગહન છે, યોગીજનોને પણ અગમ્ય જે. ૧૦.
સેવા ધર્મ સ્વીકારી લીધો, અવધૂતને પોતાનો કીધો.
હરતાં ફરતાં રંગનું ચિંતન, તન, મન, ધન, સહુ રંગસમર્પણ.
રંગ ખુમારી એવી રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી.

૧. નાનું, બચુ.

રંગ, રંગ–સેવકની સેવા, હોંશે હોંશે કરતા એવા.
લીંચમહીં ગુરુદેવ પધાર્યા, ભક્તોના હૈયા હરખાયા.
નારેશ્વર સમ ઉત્સવ થાયે, પ્રેમ, કૃપા, શાંતિ જ જણાએ.
“લીંચ જાણ મીની નારેશ્વર”, એવું બોલ્યા રંગ ગુરુવર.
‘દેહ ત્યજીશ જો ગુર્જર દેશે, લીંચમહીં’ એમ રંગ વદે છે.
રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો.
પાયામાં સેવાને રાખી, પાયખાનાની સેવા આપી. ૨૦.
મોરટક્કાનો પ્રવાસ કીધો, પ્રેમે અવધૂત જીતી લીધો.
ગુરુએ નખ સાચવવા દીધા, અંતર દ્વારો ખુલ્લા કીધા.
ગુરુને સેવ્યા, સેવે[1] ગુરુ પણ, એવા સેવકને હો ધન–ધન.
સેવાવૃત્તિ અજબ ખીલાવી, ગુરુકૃપાની પામ્યા ચાવી.
હરિદ્વાર જાતાં કહી દીધું, ‘લીંચ જરૂર આવીશ’ એમ સીધું.
રંગ શરીર છોડે હરિદ્વારે, દુઃખ થયું સેવકને ભારે.
“આવીશ કહીને કેમ ન આવ્યા?” બચુભાઈ તો હઠે ભરાયા.
દર્શન દઈ અવધૂત કહે છે, ગુરુલીલામૃત વાંચી લેજે.
એકસો બાવીસમો અધ્યાય, એકસો બાવીસ દોહરો ત્યાંય.[2]
દોહરો વાંચતા શાંતિ થાયે, હૈયું,મન પણ બહુ હરખાયે. ૩૦.

૧. પક્ષી ઈંડુ સેવે તેમ. ૨. કારણ કે જન દષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તોએ સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર.